# <u>કોલેજ અથવા સંસ્થાના વડાનું પ્રમાણપત્ર</u>

શ્રી માનદ્ મંત્રીશ્રી,
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વિદ્યાર્થી ગૃહ
ગોરવા ઈન્ડ. એસ્ટેટના નાકા પર, ગોરવા,
વડોદરા-૩૯૦ ૦૧૬.

શ્રી ______________________________________________

અમારી સંસ્થામાં / કોલેજમાં ક્લાસ ____________________________

ડિવીઝન ____________________ રોલ નં. _________________નાં નોંધાયેલ

વિદ્યાર્થી છે. તેમણે આપેલી વિગતો અમારી જાણ અને ખ્યાલ મુજબ બરાબર છે.

તેમને આપના છાત્રાલયમાં દાખલ કરવા માટે ભલામણ કરીએ છીએ.

તારીખ

કોલેજ/સંસ્થાના વડાની સહીઃ __________________

કોલેજ/સંસ્થાનું નામઃ ______________________

______________________________________

સંસ્થાનો સિકડો

કોલેજ/સંસ્થાનું સરનામુંઃ ____________________

______________________________________

નોંધ : ચાર્ટર્ડ એકાઉન્ટ, કોસ્ટ એકાઉન્ટ, અને ICWA તેમજ કંપની સેક્રેટરીના તથા તેને સંલગ્ન કોર્સના વિદ્યાર્થીઓએ તેમની સંસ્થાનું વિદ્યાર્થી તરીકે નોંધણીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

## શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, વિદ્યાર્થીગૃહ

## વિદ્યાર્થીને બંધનકર્તા નિયમો

(૧) અરજી પત્રક સંસ્થાના માનદ્ મંત્રીશ્રી / કન્વીનરશ્રી (હોસ્ટેલ અને શિક્ષણ સમિતિ) ને નિર્ધારીત સમયમાં મળે તે પ્રમાણે મોકલવાના રહેશે. વિદ્યાર્થીઓને દાખલ કર્યાની જાણ કરવામાં આવશે.

(૨) વિદ્યાર્થીએ નિયત નમુનામાં અરજી કરવાની રહેશે અને અરજી સાથે તેઓની લેઉવા પટેલ જ્ઞાતિની / અભ્યાસની ખરાઇ માટે લીવીંગ સર્ટીફીકેટ અને છેલ્લા વર્ષની માર્કશીટ જોડવાની રહેશે. **અધુરી વિગતોવાળા અરજીપત્રક પર ધ્યાન આપવામાં આવશે નહિ.** ફોર્મમાં જણાવેલી વિગતો કરતાં વધુ વિગતો જરૂરી જણાશે તો તે માહિતી વિદ્યાર્થીએ આપવાની રહેશે.

(૩) હોસ્ટેલમાં પ્રથમ સત્ર (ટર્મ) ૧ જુલાઇ થી ૩૧ ડિસેમ્બર તથા બીજુ સત્ર (ટર્મ) ૧ જાન્યુઆરી થી ૩૦ જુન સુધીનું રહેશે. વેકેશનનો સમય વિદ્યાર્થીઓને અલગથી જણાવવામાં આવશે.

(૪) ધોરણ-૧૨ અથવા તેની સમકક્ષાની કે તેની ઉપરની કક્ષાની પરીક્ષા જે વિદ્યાર્થીએ પાસ કરેલ હોય અને પોતાનો અભ્યાસ વડોદરામાં કોઇપણ કોલેજ / સંસ્થામાં આગળ વધારવા ઇચ્છતા હશે તેવા વિદ્યાર્થીને આ સંસ્થામાં પ્રવેશ આપવામાં આવશે. આમ છતાં પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવા અંગેનો વ્યવસ્થાપક નો કે હોસ્ટેલ અને શિક્ષણ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(૫) હોસ્ટેલમાં દાખલ થનાર વિદ્યાર્થીને જે-તે સમયે પરત થવા પાત્ર ડીપોઝીટ રકમ, પ્રવેશ ફી અને ભાડુ/ફી દાખલ થતા પહેલા / ટર્મ શરૂ થતા પહેલાં સંસ્થાએ નક્કી કર્યા મુજબની રકમ ચુકવવાની રહેશે.

(૬) વિદ્યાર્થીઓ માટે સમાજભવન ખાતેની હોસ્ટેલમાં જમવાની વ્યવસ્થામાં જમવાનું રહેશે. જમવા/નાસ્તા માટેનો ખર્ચ અલગ આપવાનો રહેશે અથવા હોસ્ટેલ ફીના ભાગ રૂપે આપવાનો રહેશે અથવા આવી જમવાની વ્યવસ્થા વિદ્યાર્થી પોતે કરશે અને અથવા સમાજ તરફથી કોન્ટ્રાકટ દ્વારા રસોઇયા રાખી જમવાની વ્યવસ્થા કરશે તો જમવાનું માસિક બિલ દરેક મહિનાની તારીખ ૫ સુધીમાં ભરી દેવાનું રહેશે અથવા ફી ના ભાગ રૂપે ટર્મની શરૂઆતમાં આપવાનું રહેશે. ફી/ભાડુ/ જમવાનું બિલ સમયસર નહિ ભરનાર વિદ્યાર્થીને હોસ્ટેલમાંથી દૂર કરવામાં આવશે અને બાકી ફી / ભાડુ / બિલની રકમ તેમની ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે. આ ઉપરાંત ભોજનાલયનાં જે અલગ નિયમો બનાવવામાં આવેલ છે. તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) દરેક છત્રમાં ૧૫ દિવસનું વેકેશન જાહેર કરવામાં આવશે. આ દરમિયાન જો કોઇ વિદ્યાર્થીને હોસ્ટેલમાં રહેવાની જરૂર હશે તો તેમણે લેખીત અરજી આપી મંજૂરી મેળવવાની રહેશે તથા આ સમય દરમિયાન ભોજનાલય બંધ રહશે તો જે તે વિદ્યાર્થીએ આ સમય દરમિયાન ચા, નાસ્તો તેમજ જમવાની વ્યવસ્થા તેમના પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૮) વિદ્યાર્થી સંસ્થા છોડી જાય ત્યારે તેના ખાતે જે કંઇ લેણુ નીકળશે તે ડીપોઝીટમાંથી વસુલ કરી બાકીની રકમ પરત કરવામાં આવશે. સંસ્થા છોડવાની તારીખથી ૧ વર્ષમાં આ રકમ પાછી મેળવવાની રહેશે. સંસ્થા છોડવા માટે મંત્રીશ્રી / કન્વીનરશ્રી, હોસ્ટેલ અને શિક્ષણ સમિતિ ને લેખીત જણાવવાનું રહેશે. એકાએક ટર્મ દરમિયાન સંસ્થા છોડશે તો આ રકમ તેમજ ટર્મ ફી પાછી આપવામાં આવશે નહિ.

(૯) દરેક વિદ્યાર્થીએ સંસ્થામાં દાખલ થતાં એક અઠવાડિયાની અંદર કોલેજ / સંસ્થાનું જે વર્ગમાં અને જે સમયના વર્ગ માટે પ્રવેશ મેળવ્યો હોય, એ અંગેનું કોલેજ/સંસ્થાના વડાનું વિદ્યાર્થીને પ્રવેશ ફોર્મ સાથે આપેલ નમુના મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૦) સંસ્થામાં રહેવા માટે વિદ્યાર્થીના અરજીપત્રકને મંજૂર કે નામંજૂર કરવાની સત્તા વ્યવસ્થાપક / હોસ્ટેલ અને શિક્ષણ સમિતિની રહેશે. નામંજૂર થયેલ અરજીપત્રક અંગેના કારણો દર્શાવવા વ્યવસ્થાપક / હોસ્ટેલ અને શિક્ષણ સમિતિ બંધાયેલ રહેશે નહિ.

(૧૧) અરજીપત્રકમાં જણાવેલ વિગતો અસત્ય જણાતા તે છાત્રને તાત્કાલિક બરતરફ કરવામાં આવશે. બરતરફ કરાયેલ છાત્રને બરતરફી અંગેના કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહિ. આવા છાત્રની ફી જપ્ત કરવામાં આવશે.

(૧૨) વિદ્યાર્થીઓના કોઇપણ પ્રકારના વર્તન કે તેણે કરેલ સંસ્થાના માલ-મિલકતના નુકસાન માટે વિદ્યાર્થીને શિક્ષા કરવાની સત્તા મંત્રીશ્રી / કન્વીનરશ્રી, હોસ્ટેલ અને શિક્ષણ સમિતિની રહેશે. તેના અન્ય ગુના સંબંધમાં મંત્રીશ્રી / કન્વીનરશ્રી, હોસ્ટેલ અને શિક્ષણ સમિતિ તપાસ કરી જરૂરી જણાશે તો વ્યવસ્થાપક સમિતિ સમક્ષ તેની રજૂઆત કરશે અને એ અંગે સમિતિ જે કાંઇ નિર્ણય લેશે તે આખરી ગણાશે. આ અંગે વ્યવસ્થાપક સમિતિ નુકસાન આપવા બંધાયેલ રહેશે નહિ.

(૧૩) જે વિદ્યાર્થી પોતાના અભ્યાસ ઉપર પૂરતું લક્ષ આપતો નહિ હોય, અભ્યાસ કરતા અન્ય પ્રવૃત્તિઓમાં વિશેષ સમય આપતા હોય, જેનું નૈતિક વર્તન વાંધા ભરેલું હોય અને જે વિદ્યાર્થીઓ સામે ઓફિસ સ્ટાફ કે હોસ્ટેલ

અને શિક્ષણ સમિતિના સભ્યોને બેદિલી ઉત્પન્ન થાય એવુ  વર્તન કરતા છાત્રને વ્યવસ્થાપક સંસ્થામાંથી તાત્કાલીક બરતરફ કરી શકશે.

(૧૪) જો કોઇ વિદ્યાર્થી ચેપી રોગથી પીડાતો હોય અથવા અભ્યાસ કરવા માટે અશકત જણાશે તો તેને સંસ્થામાંથી છૂટો કરવામાં આવશે.

(૧૫) દરેક છાત્રે પોતાની અથવા પોતાના રૂમ પાર્ટનરની માંદગી અંગે ઓફિસ સ્ટાફ તથા હોસ્ટેલ અને શિક્ષણ સમિતિના કન્વીનરશ્રી / સહકન્વીનરશ્રી / સભ્યને જણાવવાનું રહેશે.

(૧૬) સંસ્થાનું મકાન, ફર્નિચર, વિદ્યાર્થીને ફાળવેલ રૂમ, બાથરૂમ, લોબી અને અન્ય વસ્તુઓ સ્વચ્છ અને સુરક્ષિત રાખવાની દરેક વિદ્યાર્થીની ફરજ ગણાશે. રૂમની અંદરની સફાઇ વિદ્યાર્થીએ જાતે જ કરવાની રહેશે.

(૧૭) વિદ્યાર્થીએ હોસ્ટેલમાં શિસ્તના નિયમોનું પાલન કરવાનું રહેશે. શિસ્તભંગ બદલ સમાજ/ હોસ્ટેલ અને શિક્ષણ સમિતિ દંડની વસુલાત કરી શકશે અથવા જરૂર જણાશે તો જે તે વિદ્યાર્થીને તાત્કાલીક અસરથી બરતરફ કરી શકશે.

(૧૮) વિદ્યાર્થીએ તેમના સહવિદ્યાર્થી / ઓફિસ સ્ટાફ / કર્મચારી / હોસ્ટેલ અને શિક્ષણ સમિતિના સભ્યો/ સમાજમાં કામ કરતા અન્ય કામદારો / રસોઇયા વિગેરે સાથે સહકારભર્યું અને વિનયપૂર્વક નું વર્તન કરવાનું રહેશે.

(૧૯) કોઇપણ વિદ્યાર્થી હોસ્ટેલમાં ગુનાહિત / ગેરકાનુંની / યુનિયન-સંગઠિત પ્રવૃત્તિ / શિસ્ત વિરુધ્ધની પ્રવૃતિ કરતા માલૂમ પડશે તો તેઓની સામે શિસ્ત ભંગના પગલા લેવામાં આવશે. હોસ્ટેલ અને શિક્ષણ સમિતિની ભલામણ અનુસાર દંડ વસુલાત કરવામા આવશે અથવા હોસ્ટેલનો રૂમ ખાલી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. કોઇ વ્યક્તિગત / સંગઠીત રીતે વિદ્યાર્થીઓ સમાજની કોઇપણ મીલકતને નુકશાન કરશે તો શિસ્ત ભંગના પગલા લેવામાં આવશે.

(૨૦) કોઇપણ વિદ્યાર્થી તેમના રૂમમાં અનઅધિકૃત વ્યક્તિ / વધારાના વ્યકિતને રાખી શકશે નહિ. કોલેજના સાથી વિદ્યાર્થીને પણ પોતાની રૂમ પર બોલાવી શકાશે નહિ.

(૨૧) વિદ્યાર્થીને ફાળવેલ સુવિધા જેવી કે પંખા, લાઇટ, ટેબલ, ખુરશી, ગાદલા, ઓશિકા તથા તેના કવર, ચાદર, રજાઇ પાણીના જગ, ગ્લાસ, બાથરૂમના ડોલ, ટમ્બલર, વોશબેસીન વગેરેની જાળવણી કરવાની રહેશે અને હોસ્ટેલનો રૂમ ખાલી કરતા પહેલા મૂળ સ્થિતિમાં પરત કરવાના રહેશે. જો તેમ કરવામાં નહિ આવે તો હોસ્ટેલ અને શિક્ષણ સમિતિની ભલામણ અનુસાર દંડની રકમ વિદ્યાર્થીની ડિપોઝીટમાંથી કાપી લેવામાં આવશે. ડીપોઝીટ કરતા વધારે નુકસાન હશે તો તે વિદ્યાર્થીના પિતાશ્રી/વાલીશ્રી પાસેથી વસુલવામાં આવશે.

(૨૨) સમાજ કોઇપણ વિદ્યાર્થીને કોઇપણ કારણ આપ્યા વગર હોસ્ટેલની રૂમ ગમે ત્યારે ખાલી કરાવી શકશે.

(૨૩) વિદ્યાર્થીએ કોઇપણ કિંમતી વસ્તુઓ પોતાની પાસે રાખવાની નથી. વિદ્યાર્થીઓની કોઇપણ વસ્તુઓની સલામતી માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ.

(૨૪) દરેક છાત્રે ઈલેકટ્રીક લાઇટ તથા પંખાનો પરિમિત ઉપયોગ કરવાનો રહેશે. તેમજ પોતાના રૂમમાં ઈલેક્ટ્રીકટના કે અન્ય અનઅધિકૃત ઉપકરણો જેવા કે રૂમ હિટર, વોટર હિટર, ટીવી,એસી, વોટર કુલર, ઈલેકટ્રીક સગડી, ગીઝર, ઇસ્ત્રી કે અન્ય સાધનો રાખી શકશે નહી કે વાપરી શકશે નહિ. જો કોઇ વિદ્યાર્થી વપરાશકર્તા માલુમ પડશે તો જે તે સાધનો જપ્ત કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

(૨૫) મંત્રીશ્રી / કન્વીનરશ્રી, હોસ્ટેલ અને શિક્ષણ સમિતિની લેખીત રજા લીધા વિના કોઇપણ છાત્ર ચાલુ સત્ર કે હંમેશને માટે સંસ્થામાંથી છૂટો થઇ શકશે નહિ. હંમેશને માટે સંસ્થા છોડવા ઇચ્છતા છાત્રે જે વસ્તુઓ તેના વપરાશ માટે સંસ્થા તરફથી આપવામાં આવેલ હોય તે બધી વસ્તુઓ અને ફર્નિચરનો રીતસરનો કબજો સોપવાનો રહેશે. સત્ર દરમ્યાન સંસ્થા છોડનાર વિદ્યાર્થીની સત્ર ફી પાછી આપવામાં આવશે નહિ.

(૨૬) ચાલુ ટર્મ દરમિયાન વિદ્યાર્થી રજા પર જવાનો હોય તો તેની અરજી અગાઉથી જ ઓફિસમાં આપવાની રહેશે. જો કોઇ કારણસર આવી અરજી ઓફિસમાં ન આપી શકાય તો આ બાબતની જાણકારી કન્વીનરશ્રી હોસ્ટેલ અને શિક્ષણ સમિતિ ને ફોન થી કરવાની રહેશે તથા તેનો ઉલ્લેખ પોતાની અરજીમાં કરવાનો રહેશે.

(૨૭) સંસ્થાના મંત્રીશ્રી / કન્વીનરશ્રી / સહકન્વીનરશ્રી, હોસ્ટેલ અને શિક્ષણ સમિતિના કોઇપણ સભ્યશ્રીઓ / ટ્રસ્ટીમંડળના સભ્યો / ઓફિસ સ્ટાફ / સિક્યોરીટી સ્ટાફ  કોઇપણ સમયે રૂમમાં વિદ્યાર્થીની ઓચિંતી મુલાકાત લઇ શકશે. તેમને વિદ્યાર્થીઓના રૂમમાં દાખલ થવાની, તેનો સામાન તપાસવાની અને જરૂરી પ્રશ્નો પૂછવાની સત્તા રહેશે. સંસ્થામાં રહેનાર કોઇપણ છાત્ર ઉપરોક્ત વ્યક્તિઓ સામે અયોગ્ય દલીલો કે અસભ્ય વર્તન કરી શકશે નહિ. આવું વર્તન કરનાર છાત્ર સામે કડક પગલા લેવામાં આવશે.

(૨૮) વિદ્યાર્થીગૃહમાં રહેતા વિદ્યાર્થીઓ સિવાય તેમના મિત્રો કે સગા સ્નેહીઓને કોઇપણ સમયે વિદ્યાર્થીને ફાળવેલ રૂમમાં રહેવાની,ન્હાવા ધોવાની તથા અન્ય સાધનોનો ઉપયોગ કરવાની સખ્ત મનાઇ છે. ઉપરાંત મળવા આવનાર મુલાકાતીઓ માટે અગાઉથી જાણ કરેલા સમયે તથા ગ્રાઉન્ટ ફ્લોર પર આવેલ ઓફિસમાં જ મળવાનું રહેશે. વિદ્યાર્થીગૃહમાં ઉપર કે બીજા વિભાગોમાં ફરવાનું નથી કે જવાનું નથી. પ્રથમ ઓફિસમાં મળીને રજા લેવાની રહેશે.

(૨૯) વિદ્યાર્થીએ નિયમિત રીતે હોસ્ટેલમાં રાત્રીના ૧૧ (અગીયાર) વાગ્યા સુધીમાં પ્રવેશ કરી લેવાનો રહેશે. અગાઉથી મંજૂરી લીધા સિવાય મોડા આવનાર વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહિ.

(૩૦) વિદ્યાર્થીને તેના સમયકાળ પહેલા કે ગેરશિસ્ત બદલ રૂમ ખાલી કરાવવામાં આવશે તો તેવા સંજોગોમાં હોસ્ટેલ ભાડુ / ડીપોઝીટ પરત કરવામાં આવશે નહિ. આવા સમયે વિદ્યાર્થીને તેને મળેલ સરસામાન અને રૂમનો કબજો સંસ્થાને પરત કરવાનો રહેશે. જો તેમ કરવામાં વિદ્યાર્થી નિષ્ફળ નિવડશે તો સંસ્થાનો સ્ટાફ કે અધિકારીઓ તેના રૂમમાં દાખલ થઇ સંસ્થાનો સામાન મેળવી લેશે અને વિદ્યાર્થીની વસ્તુઓ રૂમની બહાર / સંસ્થાની ઓફિસમાં રાખી શકશે અને આમ કરતાં વિદ્યાર્થીના સરસામાન માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. તેઓ વિદ્યાર્થીને તાત્કાલિક સંસ્થા છોડી જવાનું ફરમાવશે.તાળુ તોડી કે તોડાવી ઉપરોક્ત રીતે કબજો મેળવી સંસ્થાનું તાળુ લગાડી શકશે તેમાં વિદ્યાર્થીનો કોઇપણ પ્રકારનો વાંધો ચાલશે નહિ.

(૩૧) લીફ્ટનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરી શકશે નહિ. જો કોઇપણ વિદ્યાર્થી ઉપયોગ કરતા પકડાશે તો દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

(૩૨) હોસ્ટેલના દરેક વિદ્યાર્થીઓને સમાજ તરફથી I-card આપવામાં આવશે. સમાજના ટ્રસ્ટી મંડળ / હોસ્ટેલ અને શિક્ષણ સમિતિના સભ્યો / ઓફિસ સ્ટાફ / સિક્યોરીટી માગે ત્યારે બતાવવાનું રહેશે.

(૩૩) સમાજમાં કોઇપણ પ્રસંગ ચાલતો હોય ત્યારે વિદ્યાર્થીઓએ પોતાની રૂમમાં જ રહેવું. કામ સિવાયની બીનજરૂરી આવન-જાવન કરવી નહિ. પ્રસંગમાં આવેલ કોઇપણ વ્યક્તિ સાથે અસભ્ય વર્તન કરવું નહિ. પ્રસંગો દરમિયાન વ્યવસ્થિત કપડા પહેરીને જ બહાર નીકળવું. હાફ પેન્ટ, લેંઘા, સદરા કે નાઇટ ડ્રેસ પહેરીને બહાર નીકળવુ નહિ. હોસ્ટેલની રૂમમાંથી / લોબીની બારીઓમાંથી પાર્ટી પ્લોટમાં ચાલતા પ્રસંગોમાં જાંકવું નહિ. જો કોઇપણ વિદ્યાર્થી / વિદ્યાર્થીઓ આવુ કરતા માલુમ પડશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૩૪) વિદ્યાર્થીઓએ સંસ્થાની સર્વ પ્રકારની પ્રવૃત્તિઓમાં સહકાર આપવાનો રહેશે.

(૩૫) હોસ્ટેલમાં રહેતા દરેક વિદ્યાર્થીએ ધુમ્રપાન, પાન-મસાલા, ગુટકા, માવા, મધપાન, કેફી પદાર્થોનું સેવન, માંસાહાર વગેરેના ત્યાગનો નિયમ પાળવો પડશે. વિદ્યાર્થીઓએ તેમના રૂમમાં બાવન પત્તાની રમતો રમવી નહિ તેમજ નશાકારક અને કેફી દ્રવ્યો તથા વિસ્ફોટક સામગ્રી રાખવી નહિ. જો કોઇપણ વિદ્યાર્થી આવુ ગેરકાયદેસર કૃત્ય કરશે તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની તથા તેમના પિતાશ્રી / વાલીશ્રીની રહેશે.

(૩૬) દરેક વિદ્યાર્થીએ કોલેજમાં લેવાતી તમામ પરિક્ષાઓ આપવાની જ છે અને તેનું પરિણામ વખતો – વખત સંસ્થાને જણાવવું પડશે. જો વિદ્યાર્થી કોઇપણ પરિક્ષામાં નાપાસ થશે તો સંસ્થામાં તેનો પ્રવેશ રદ થવા પાત્ર ગણાશે.

(૩૭) સંસ્થાના ફર્નિચર, ઇલેક્ટ્રીક ફીટીંગ તથા અન્ય કોઇપણ પ્રકારના સાધનને નુકશાન ન પહોંચે તેની કાળજી રૂમમાં રહેતા વિદ્યાર્થીએ રાખવાની રહેશે અને જો રૂમમાં આવું કાંઇપણ નુકશાન થયેલું માલુમ પડશે તો એ નુકશાન ભરપાઇ કરવાને લગતી એ રૂમમાં રહેતા બધા જ વિદ્યાર્થીઓની સંયુકત જવાબદારી રહેશે.

(૩૮) વિદ્યાર્થીની પોતાની પરિક્ષા પૂરી થયે ત્રણ દિવસની અંદર દરેક વિદ્યાર્થીએ રજા પૂરી થતાં સુધી સંસ્થા છોડી જવી પડશે. આ બાબતમાં મેડીકલ અને એવી બીજી ડીગ્રી કે જ્યાં પરિક્ષા પછી પણ પ્રેકટીકલ કે એવા કોઇ અભ્યાસલક્ષી કારણોસર વડોદરામાં રોકાવાની જરૂર હોય તેવા વિદ્યાર્થીઓને લેખીત પૂર્વ મંજૂરી લીધા પછી જ રહેવા દેવામાં આવશે. તેમજ રહેવા માટે જે કંઇ વધારોનો ખર્ચ નક્કી થશે તે મુજબ આપવાનો રહેશે.

(૩૯) સંસ્થાની લાયબ્રેરીના પુસ્તક સંસ્થાની બહાર લઇ જવાની સખત મનાઇ છે. મેગેઝીન કે વર્તમાન પત્રો રૂમમાં લઇ જવાના નથી, તેમજ બહાર લઇ જવાના નથી. દરેક વિદ્યાર્થીએ લાઇબ્રેરીનો ઉપયોગ કરતી વખતે સંપૂર્ણ શિસ્ત અને શાંતિ જાળવવી. લાઇબ્રેરીમાં સ્વચ્છતાં જાળવવી તથા ઉપયોગ પુરો થયે લાઇટ-પંખા બંધ કરી મુખ્ય દરવાજો બંધ કરવો.

(૪૦) વિદ્યાર્થીઓ તોફાન કરે, ગરબડ કરે, ધારા-ધોરણને અમલમાં ન મૂકે, સંસ્થાના મકાન કે ફર્નિચરને નુકશાન પહોંચાડે, હાજરી લેતી વખતે હાજર ન થાય, પ્રવચન કે અન્ય પ્રવૃત્તિમાં હાજરી ન આપે, કોઇપણ પ્રકારની ગેરશિસ્તનું આચરણ કરે અથવા આવા બીજા કોઇ સામાન્ય ગુના માટે શિક્ષા કરવાની સત્તા કન્વીનરશ્રી, હોસ્ટેલ અને શિક્ષણ સમિતિને રહેશે. વિશેષ ગંભીર ગુનામાં કન્વીનરશ્રી, પ્રમુખશ્રી / મંત્રીશ્રીને રીપોર્ટ મોકલશે અને સખ્ત પગલા લેવામાં આવશે.

(૪૧) બાજુમાં રહેતા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં કશી પણ ખલેલ ન પડે એ રીતે દરેક વિદ્યાર્થીએ વર્તવું પડશે.

(૪૨) ભલામણ કરનાર, ઓળખાણ આપનાર, વિદ્યાર્થીના પિતાશ્રી / વાલીશ્રીએ વિદ્યાર્થીના નિયમ ભંગ અંગે મેનેજમેન્ટ મળવા બોલાવે ત્યારે જરૂરથી મળવા આવવુ પડશે.

(૪૩) જે વિદ્યાર્થીઓએ પોતાના અંગત ઉપયોગ માટે અથવા કોલેજ જવા-આવવા માટે વાહનનો ઉપયોગ કરવાના હોય તો તેમણે આ અંગે પૂર્વ મંજૂરી લેવાની રહેશે તથા તે અંગે પોતાનું લાયસન્સ અને વાહન માલિકી અંગેના પુરાવા તથા જરૂરી કાગળો રજૂ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ સામાન્ય ટ્રાફીક નિયમોનું ઉલ્લંઘન કરવું નહિ તેમજ વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું હિતાવહ છે.

(૪૪) હોસ્ટેલમાં મોડી રાત્રે વિદ્યાર્થીઓના અભ્યાસમાં / ઉંઘમાં ખલેલ પહોંચે એવી કોઇપણ પ્રકારની ઉજવણી કરવી નહિ. આ પ્રકારનું વર્તન કરનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

(૪૫) વિદ્યાર્થી ઓનલાઇન શોપિંગ દ્વારા જે કોઇપણ વસ્તુઓ મંગાવે તે મેળવવાની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે. આ બાબતે સિક્યોરીટી સ્ટાફ/ઓફિસ સ્ટાફની કોઇ જ જવાબદારી રહેશે નહિ.

(૪૬) વિદ્યાર્થીએ હોસ્ટેલ બાબતની કોઇપણ ફરિયાદ, રૂમમાં મેઇન્ટેનન્સ ને લગતી કોઇપણ ફરિયાદ લેખીતમાં ઓફિસમાં આપવાની રહેશે. અથવા ઓફિસમાં રાખવામાં આવેલ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૪૭) અસાધારણ સંજોગોમાં ટ્રસ્ટીમંડળ હોસ્ટેલ ફી મા કે અન્ય ચાર્જમાં નોટીસ વિના વધારો કરી શકશે જે દરેક વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

(૪૮) આ નિયમોમાં કોઇપણ સુધારા-વધારા કરવા, નવા નિયમો કે પેટા નિયમો લાગુ કરવાનો સંપૂર્ણ અધિકાર કન્વીનર શ્રી, હોસ્ટેલ અને શિક્ષણ સમિતિ / ટ્રસ્ટીમંડળને રહેશે. આવા કોઇપણ સુધારા-વધારા વિદ્યાર્થીને તથા તેમના પિતાશ્રી / વાલીશ્રીને બંધનકર્તા રહેશે.

(૪૯) શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, હોસ્ટેલ અંગેની કોઇપણ બાબતમાં ટ્રસ્ટીમંડળનો નિર્ણય આખરી અને છેવટનો ગણાશે આ અંગેના કોઇપણ કેસનું જયુરીસ્ડીકશન વડોદરા રહેશે.

ઉપર જણાવેલ નોંધ તથા નિયમો (૧) થી (૪૯) અમોએ ધ્યાન પૂર્વક વાંચેલ છે, વિચારેલ છે, પચાવેલ છે. તે બદલ અમોએ આ નીચે સમજી વિચારી, કોઇપણ જાતના દબાણ વગર, સ્વસ્થ ચિત્તે સહી કરેલ છે. જે અમોને કબૂલ અને મંજૂર છે. અમો આ નિયમોના પાલનની ખાત્રી આપીએ છીએ. નિયમોનું પાલન અમારા દ્વારા ન થાય તો આપ અમારો પ્રવેશ રદ્દ કરી શકશો જેની અમો બાહેંધરી આપીએ છીએ.

તારીખ : ______________ વિદ્યાર્થીની સહી :______________________________

સ્થળ : ________________ નામ : ____________________________________

વિદ્યાર્થીના પિતા/વાલીની સહી ______________________

નામઃ _______________________________________

અરજીપત્રક સાથે જોઇતા પ્રમાણપત્રોની યાદી

(૧) પાસપોર્ટ સાઇઝના ૩ નંગ ફોટોગ્રાફ
(૨) સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ
(૩) છેલ્લે આપેલ પરિક્ષાના પરિણામની સાચી નકલ
(૪) બીજા કોઇ છાત્રાલયમાં રહેલ હો તો તે અંગેનુ પ્રમાણપત્ર
(૫) ડીગ્રી મેળવેલ વિદ્યાર્થીનું ડિગ્રી સર્ટીફિકેટ
(૬) કોલેજમાં ભરેલ ફી ની રસીદ
(૭) વાહન અંગેના પ્રમાણપત્રો જેવા કે
  (અ) ડ્રાઇવીંગ લાયસન્સ
  (બ) આર.સી. બુક
  (ક) ઇન્સ્યોરન્સ સર્ટીફીકેટ
(૮) અભ્યાસ દરમ્યાન જયાં નોકરી કરતા હોય તે સંસ્થાનુ પ્રમાણપત્ર